**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૯ જાન્યુઆરી ૨૦૧૩**

## માજી રેલ્વેપ્રધાન શ્રી રામ નાઈકની પ્રતિક્રિયા -
## ભાવવધારો પાછો ખેંચી સંસદ ની સામા જાવ- રામ નાઈક

**મુંબઈ, બુધવાર :** "રેલ્વે પ્રધાન શ્રી પવન બંસલે ૧૨ થી ૨૦ ટકા નો જબરદસ્ત રેલ્વે માં ભાડા વધારો કરી સામાન્ય માણસ પર હુમલો જ કર્યો છે. સંસદ નું અધિવેશન ચાલૂ હોવા દરમિયાન આવો ભાવ વધારો કરવો તે સંસદીય પરંપરાનું અપમાન છે. શ્રી પવન બંસલ પૂર્વે સંસદીય પ્રધાન હતાં તે બાબત ધ્યાનમાં રાખતાં તેમનું આ કૃત્ય ખૂબજ ગંભીર ઠરે છે તેથી જાહેર કરેલ રેલ્વેનૂર નો વધારો પાછો ખેંચી રેલ્વે પ્રધાને સંસદની સામા જવું તેવી ભારતીય જનતા પક્ષની માગણી છે" આ મુજબની પ્રતિક્રિયા માજી રેલ્વે પ્રધાન શ્રી રામ નાઈકે વ્યકત કરી છે.

શ્રી રામ નાઈક આગળ કહે છે કે, "સામાન્ય માણસ રાંધણ ગેસ, ડિઝલ, પેટ્રોલ ના ભાવવધારા ને કારણે તેમજ આ ભાવવધારા ને કારણે મોંઘવારી ના દુષ્ચક્રને વેગ મળતાં ભરડાતો જાય છે તેવામાં રેલ્વેનૂર ના વધારાનો નિર્ણય નો નિષેધ કરીએ તેટલો ઓછો ! યુપીએ સરકારના આઠ વર્ષના કાર્યકાળમાં વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ના શ્રી પવન બંસલ પાંચમા પ્રધાન છે. તેથી રેલ્વે ના કારભાર પરની સરકારની પકડ ઢિલી થઈ છે તે સ્પષ્ટ છે. સુરક્ષા આપવી તે સરકારનું કર્તવ્ય જ બને છે. સુરક્ષા અને સફાઈ એ ભાવવધારા માટે આપેલાં કારણો અથવા રેલ્વે બજેટમાં ભાડાવાધારો કરીશું નહીં એવું આશ્વાસન હાસ્યાસ્પદ છે. કારણકે આ કંઈ અચાનક ઊભા થયેલાં કારણો નથી".

**(કાર્યાલય સચિવ)**